# હોમિયોપેથીક ડૉક્ટરો માટેની
## સામાજિક સલામતી યોજના

સંચાલકો:


**હોમિયોપેથ્સ બેનેવોલન્ટ વેલ્ફેર ટ્રસ્ટ**

hbwtsss@gmail.com www.hbsss.org

# 'સલામતી સૌને માટે'

**યોજનાનો હેતુ:** પોતાના પરિવાર માટે આર્થિક સલામતી અને સ્થિરતા. આ સાથે એવો પણ હેતુ છે કે આપણાં વ્યાવસાયિક સહકાર્યકરો માટે અણધારી આવી પડતી આપત્તિ/અકસ્માતની સ્થિતિમાં એના પરિવાર માટે સહાયનો હાથ લંબાવવો અને તત્કાળ સહાય કરવી.

આપણે સાથે મળીને આ કરી શકીએ.
આ ટીમ પ્રોજેક્ટ છે અને જેટલી વધુ સંખ્યામાં આપણે જોડાઇશું એટલી વધુ મજબૂત આધારવ્યવસ્થા આપણે બનાવી શકીશું.



### યોજનાના ઉદ્દેશો:

આ ટ્રસ્ટ સ્થાપવાનો પાયાનો ઉદ્દેશ એ છે કે ટ્રસ્ટના કોઇ સભ્યનું મૃત્યુ થાય તો એના પરિવારને નાણાંકીય સહાય પૂરી પાડવી.

### સભ્યપદ માટે યોગ્યતા:

આ યોજના બધા રજિસ્ટર્ડ હોમિયોપેથીક ડૉક્ટરો માટે ખુલ્લી છે. જેમની વય **૬૭** વર્ષથી વધુ ન હોય તે અને જેમનું નામ ગુજરાત હોમિયોપેથીક મેડિકલ કાઉન્સિલમાં નોંધાયું હોય એ બધા હોમિયોપેથ ડૉક્ટરો નિયત ફી આપીને આજીવન સભ્યપદ મેળવી શકે છે.

### સભ્યપદ:

**૧.** બધા જ જરૂરી દસ્તાવેજો અને જરૂરી ફી સાથે ઓનલાઇન ફોર્મ ભરીને સભ્ય બની શકાય છે.

**૨.** ટ્રસ્ટના કોઇ સભ્યનું મૃત્યુ થાય તે સ્થિતિમાં રૂ. **૫૦૦**/- અને /અથવા ટ્રસ્ટની કાર્યકારી સમિતિએ અવારનવાર નક્કી કર્યા મુજબનો શ્રધ્ધાંજલિ ફાળો આપવાનો રહેશે.

**3.** આ ટ્રસ્ટના કોઇ પણ સભ્યનું મૃત્યુ થાય તો (જો એમને ટ્રસ્ટના સભ્ય તરીકે દૂર ન કરાયા હોય તો) કાર્યકારી સમિતિ તરત જ ટ્રસ્ટના પ્રત્યેક સભ્યને શ્રધ્ધાંજલિ ફાળો ટ્રસ્ટની ઓફિસે મોકલવાની સૂચના જારી કરશે.

## સભ્યપદ માટે ફી :

| વયજૂથ | પ્રવેશફી | આજીવન ફી | ડિપોઝિટ | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૩૦ વર્ષથી નીચે | ૬૦૦૦.૦૦ | ૩૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |
| ૩૧ થી ૪૫ વર્ષ | ૭૦૦૦.૦૦ | ૩૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૧૦૦૦.૦૦ |
| ૪૬ થી ૫૯ વર્ષ | ૮૦૦૦.૦૦ | ૩૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૨૦૦૦.૦૦ |
| ૬૦ થી ૬૭ વર્ષ | ૧૯૦૦૦.૦૦ | ૩૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૨૩૦૦૦.૦૦ |

## આ યોજનાના લાભ:

**૧.** કોઈ પણ સભ્યનું મૃત્યુ થાય તો એના નોમિનીને એસોસિએશન દ્વારા એકઠો કરવામાં આવેલો ફ્રેટર્નીટીફાળો ચૂકવવામાં આવશે.

**૨.** કોઈ પણ રજિસ્ટર્ડ સભ્ય અકાળે કાયમી વિકલાંગતાનો ભોગ બને તો તેને પૂરો ફાળો ચૂકવવામાં આવશે.

**3.** કાયમી વિકલાંગતા શારીરિક અથવા માનસિક હોઈ શકે છે.

## SSSના વિશેષ લાભ:

**૧.** બિનતબીબી જીવન કવરેજ. એટલે કે તબીબી પરીક્ષણ વિનાનો પ્લાન.

**૨.** યોજનામાં જોડાવા માટેની રકમ ખૂબ વ્યાજબી અને કોઈ પણ સભ્યના મૃત્યુના કિસ્સામાં વીમા કંપનીઓ દ્વારા લેવામાં આવતા પ્રિમિયમની સરખામણીમાં નજીવો ફ્રેટર્નીટી ફાળો

**3.** કોઈ પણ ઝંઝટ વિના સેટલમેન્ટ. નોમિનીએ સભ્યના મૃત્યુનું પ્રમાણપત્ર અને SSSમાં એમણે આપેલા ફાળાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૪.** જેટલા વધુ સભ્યો આ યોજનામાં જોડાય એટલું બધુ વળતર મળી શકે.

**૫.** જો બધા જ રજિસ્ટર્ડ હોમીઓપેથી તબીબો આ યોજનામાં જોડાય તો આપનો પરિવાર રૂ. **1** કરોડથી વધુ રકમથી સલામત બને. આપણે જોડાઈએ અને આપણાં બીજા પાંચ મિત્રોને જોડાવા કહીએ અને યોજનાને આગળ વધારીએ.

**૬.** પહેલી વાર આ એક વિશિષ્ટ ફીચર SSSમાં જોડવામાં આવી રહ્યું છે. (બીજી કોઈ વિમાયોજનામાં આ ફીચર નથી) કે જો કોઈ સભ્ય પોતાનો વ્યવસાય ન કરી શકે એ રીતે શારીરિક કે માનસિક રીતે વિકલાંગ બને તો તેને પૂરેપુરું વળતર ચૂકવવું.

## SSS ના સભ્યપદ માટે આટલું કરો:

**પગલું 1** www.hbsss.org લૉગ ઇન કરો.

**પગલું 2** સભ્યપદ માટે નોંધણી ફોર્મ ભરો

**પગલું 3** ફી ચૂકવો અને આપના દસ્તાવેજો અપલોડ કરો.

**પગલું 4** હવે તમે સલામત છો. નિશ્ચિંત બનો.

**જરૂરી દસ્તાવેજો:** **1.** ડિગ્રી/ડિપ્લોમાનું સર્ટિફિકેટ **2.** કાઉન્સીલમાં રજિસ્ટ્રેશનનું સર્ટિફિકેટ **3.** PAN કાર્ડ **4.** આધાર કાર્ડ **5.** કાઉન્સીલ રજિસ્ટ્રેશન રિન્યૂ કરાવ્યાની છેલ્લામાં છેલ્લી વિગતો સાથેની નકલ **6.** આપનો ફોટોગ્રાફ (આ બધું સોફ્ટ કૉપીમાં અપલોડ કરવું.)


અમારો સંપર્ક કરો:

**હોમિયોપેથ સામાજિક સલામતી કલ્યાણ ટ્રસ્ટ**

ઓફિસ: ડી - 101, શિરોમણી કોમ્પ્લેક્સ, ઝાંસીની રાણી BRTS બસ સ્ટોપ સામે, સેટેલાઇટ રોડ, અમદાવાદ-380015

**વડોદરા:** ડૉ. પિયુષ જોષી - 9429190198 | **અમદાવાદ:** ડૉ. કેયુર મજમુંદાર - 9825070012

વધુ માહિતી માટે લોગ ઓન કરો: **www.hbsss.org** | ઈમેલ: **hbwtsss@gmail.com**